# હેલિકોપ્ટર સોદાબાજીમાં જેપીસી માટે સરકાર તૈયાર

નવી દિલ્હી,તા. ૧૯

સમગ્ર દેશને હચમચાવી મુકનાર ૩૬૦૦ કરોડ રૂપિયાની હેલિકોપ્ટર સૌદાબાજી મામલામાં તપાસ કરવા સરકાર આજે જેપીસી અંગે સહમત થઈ હતી વીવીઆઈપી લોકોને સુવિધા આપવાના હેતુસર ૧૨ હેલિકોપ્ટરોની ખરીદી માટે ૩૬૦૦ કરોડ રૂપિયાના આ સૌદાબાજી કરવામાં આવી હતી જેમાં જંગી કટકીના અહેવાલ આવ્યા બાદ આ સૌદાબાજી હવે મુશ્કેલીમાં મુકાઈ ગઈ છે. સરકાર જેપીસી અંગે સહમત થતા વિરોધપક્ષોને જવાબ આપવા માટે સરકાર તૈયાર દેખાઈ રહી છે. હાલમાં સીબીઆઈ દ્વારા આ સૌદાબાજીના મામલામાં તપાસ કરવામાં આવી રહી છે. આ સૌદાબાજીના મામલામાં ઈટાલિયન કંપની પાસેથી ૧૨ વીવીઆઈપી હેલિકોપ્ટરોની ખરીદી માટે કટકીની ચૂકવણી કરવામાં આવી હતી. વડાપ્રધાન મનમોહનસિંહે ગઈકાલે જ કહ્યુ હતુ કે આ સમગ્ર મામલામાં સંસદમાં ચર્ચા કરવા માટે અમે તૈયાર છીએ. ભાજપ સહિતના વિરોધ પક્ષો એવી રજુઆત કરી ચુક્યા છે કે સરકારે આ કૌભાંડના મામલામાં નિષ્પક્ષ તપાસ કરવી જોઈએ. સિંહે કહ્યુ હતુકે સંસદમાં આ મુદ્દે ચર્ચા કરવા સરકાર તૈયાર છે. સરકાર કોઈ પણ વાત છુપાવવા તૈયાર નથી. અમે સાથે બેસીને ચર્ચા કરી શકીએ છીએ. સંસદ ચર્ચા માટે યોગ્ય મંચ છે. તમામ મુદ્દા પર ચર્ચા કરીશું. બીજી બાજુ ભાજપે પહેલાથી જ સંકેત



આપ્યો છે કે હેલિકોપ્ટર સૌદાબાજીના મામલાને સંસદના બજેટ સત્ર દરમિયાન જોરદાર રીતે ઉઠાવવામાં આવશે. ભાજપના આ સંકેત બાદ બજેટ સત્ર તોફાની બને તેવી શક્યતા છે.

ગયા સપ્તાહમાં ઓગસ્ટા વેસ્ટલેન્ડના સીઈઓ તથા ફિનેમિકેનિકાના વડા ઓરસીની ધરપકડ કરવામાં આવ્યા બાદ સમગ્ર કૌભાંડનો પર્દાફાશ થયો હતો. ટોચની ભારતીય ટૂકડી આક્ષેપોમાં તપાસ કરવા રવાના થઈ ચુકી છે. દરમિયાન આ સમગ્ર મામલામાં ઈન્ડિયન એરફોર્સના પૂર્વ વડા એસપી ત્યાગીની સંડોવણી હોવાના અહેવાલ પણ આવી રહ્યા છે. ત્યાગીને કોન્ટ્રાક્ટ તેમના તરફ કરવા માટે કંપની દ્વારા લાંચની ચૂકવણી કરવામાં આવી હોવાની વાત પણ કરવામાં આવી ચુકી છે. વિવાદને ટાળવા સમગ્ર સૌદાબાજીને રદ્દ કરવા આંતરિક નિર્ણય કરાઈ ચુક્યો છે પરંતુ હજુ સુધી સત્તાવાર જાહેરાત કરાઈ નથી.

# ટ્રેડ યુનિયનોની આજથી દેશવ્યાપી હડતાળ

નવી દિલ્હી,તા. ૧૯

સરકાર સાથે જુદી જુદી માંગણીઓને લઈને વાતચીત નિષ્ફળ ગયા બાદ તથા સર્વસંમતિ ન થતા આવતીકાલથી બે દિવસની ટ્રેડ યુનિયનોની હડતાળનો તખ્તો ગોઠવાઈ ગયો છે. દેશના ૧૧ રજીસ્ટર્ડ ટ્રેડ યુનિયનો યુપીએ સરકારને લોકવિરોધી નીતિઓ અને અન્ય મામલાઓને લઈને બે દિવસની હડતાળ પર આવતીકાલથી ઉતરનાર છે. ૧૦ લાખથી વધુ કર્મચારીઓથી અનેક સેવાઓને માઠી અસર થઈ શકે છે.

હડતાળના પરિણામ સ્વરૂપે જીવન વીમા, પરિવહન અને બેકીંગ ક્ષેત્રોને માઠી અસર થાય તેવી શક્યતા છે. ૧૧ સેન્ટર ટ્રેડ યુનિયનો દ્વારા જુદી જુદી માગણીઓને લઈને આવતીકાલે રાષ્ટ્રવ્યાપી હડતાળની




જાહેરાત કરવામાં આવી છે. વડાપ્રધાન મનમોહનસિંહ દ્વારા હડતાળને પાછળ ખેંચવાની અપિલ કરવામાં આવી હોવા છતાં ટ્રેડ યુનિયનના કર્મચારીઓ હડતાળ ઉપર મક્કમ બનેલા છે. ૨૦મી અને ૨૧મી ફેબ્રુઆરીના દિવસે આ હડતાળ પાડવામાં આવનાર છે. સતત બે દિવસ સુધી બેંકો બંધ રહી શકે છે જેથી ગ્રાહકોને અભૂતપૂર્વ સમસ્યાનો સામનો કરવો પડી શકે છે. જંગી નુકસાન થવાની શક્યતા દેખાઈ રહી છે. ફ્યુઅલની કિંમતમાં ભાવવધારા તથા શ્રમકાયદાઓના ખુલ્લા ભંગ સહિતની ઘણી માંગણીઓને લઈને આ હડતાળ પાડવામાં આવનાર છે. ટ્રેડ યુનિયને દાવો કર્યો છે કે આશરે ૧૦ લાખ બેકીંગ કર્મચારીઓ આ હડતાળમાં સામેલ થશે. આશરે ૯૦૦૦૦ બેંક શાખાઓ હડતાળમાં જોડાય તેવી શક્યતા છે. આ હડતાળને લઈને કર્મચારીઓ આક્રામક દેખાઈ રહ્યા છે. ગઈકાલે ટ્રેડ યુનિયનના નેતાઓ સરંક્ષણમંત્રી એ કે એન્ટોની, ખાદ્ય અને કૃષિ પ્રધાન શરદ પવાર, શ્રમ પ્રધાન મલિકા અર્જુન ખર્ગેને મળ્યા હતા. નાણાંમંત્રી ચિદમ્બરમ્ આશ્ચર્ય રીતે ગેરહાજર રહ્યા હતા. બેઠક બાદ સીઆઈટીયુના પ્રમુખ પદ્મનાભાને કહ્યું હતું કે સરકારે કોઈ પણ નવી ઓફર કરી નથી જેથી અમે હડતાળ પાડવા આગળ વધી રહ્યા છે જેથી હડતાળને સંપૂર્ણ સફળતા મળશે. ટ્રેડ યુનિયનોએ દાવો કર્યો છે કે ૯૦૦૦૦ બેંક શાખાઓ હડતાળમાં જોડાનાર છે. હડતાળ અંગે સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાએ ગઈકાલે લોકોને તકલીફ ન પડે તે માટે કારોબારી કલાકો વધાર્યા હતા. ઉદ્યોગ સંસ્થાઓનું કહેવું છે કે બે દિવસની આ હડતાળના કારણે ભારતીય અર્થતંત્રને મોટો ફટકો પડશે. આ હડતાળ હાલમાં પોષાય તેમ નથી. ભારતીય અર્થતંત્રને હડતાળથી ૧૫૦૦૦થી લઈ ૨૦૦૦૦ કરોડનું નુકસાન થઈ શકે છે. ખાસ કરીને બેન્કીંગ, વીમા અને પરિવહન ક્ષેત્રને સૌથી વધુ અસર થશે. એશોસીએટ ચેમ્બર્સ ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ડિરેક્ટર ચંદ્રજીત બેનર્જીએ કહ્યું છે કે આ હડતાળ સંપૂર્ણપણે અયોગ્ય અને નુકસાનકારક છે. હડતાળ એવા સમયે આવી રહી છે જ્યારે ભારતીય અર્થતંત્ર ખૂબ મુશ્કેલ તબક્કામાંથી નીકળી રહ્યું છે. જીડીપી ગ્રોથ રેટ આશરે ૫ ટકાની દશક નીચી સપાટીએ આંકવામાં આવ્યો છે. આ હડતાળમાં મોટાભાગના બેંક યુનિયનોએ ટેકો આપવાની જાહેરાત કરી છે જેમાં એઆઈબીઈએ, એનસીબીઈ, બીઈઓએફઆઈ, આઈએનબીઈએફ, એનઓબીડબલ્નો સમાવેશ થાય છે. અન્ય ઘણી સંસ્થાઓ પણ આમા જોડાનાર છે. ૧૧ ટ્રેડ યુનિયનો ઉપરાંત ૨૦૦૦થી વધુ સ્વતંત્ર યુનિયનો પણ હડતાળમાં સામેલ થઈ ગયા છે.

# આજે મીરાકુમાર બધા પક્ષો સાથે મહત્વપૂર્ણ ચર્ચા કરશે

નવી દિલ્હી,તા. ૧૯

૨૧મી ફેબ્રુઆરીથી બજેટ સત્રની શરૂઆત થઈ રહી છે ત્યારે બજેટ સત્ર સાનુકૂળરીતે ચાલે તે માટેની ખાતરી કરવાના હેતુસર લોકસભાના અધ્યક્ષ મીરાકુમારે આવતીકાલે બુધવારે સર્વપક્ષીય મિટિંગ બોલાવી છે.

સંસદના સૂત્રોએ કહ્યુ છે કે મીરાકુમાર તમામ પક્ષોને મળીને બજેટ સત્ર યોગ્યરીતે ચાલે તે માટે રજુઆત કરશે. ત્રણ મહિના સુધી ચાલનાર બજેટ સત્ર તોફાની બને તેવી શક્યતા દેખાઈ રહી છે. હેલિકોપ્ટર કૌભાંડ સહિત વિપક્ષ અનેક મુદ્દા પર સરકારને ભીસમાં લેવા પ્રયાસ કરી શકે છે. આ ઉપરાંત તાજેતરમાં જ અફઝલ અને કસાબને ફાંસી આપવા સહિતના મુદ્દાઓ પણ બજેટ સત્ર દરમિયાન ચર્ચામાં રહે તેવી શક્યતા છે. મીરાકુમારનું કહેવું છે કે જુદા જુદા રાજકીય પક્ષોનાનેતાઓ સાથે મળીને રચનાત્મક સહકારની માંગ કરવામાં આવશે. ગુરૂવારથી બજેટ સત્ર શરૂ થયા બાદ ૧૦મી મે સુધી ચાલશે.

વચ્ચેના ગાળામાં ૨૩મી માર્ચથી એક મહિના માટે રજા રહેશે. સંસદીય મામલાના પ્રધાન કમલનાથે કહ્યુ છે કે સત્ર પહેલા તમામ રાજકીય પક્ષોના નેતાઓની બેઠક બોલાવવામાં આવી છે. આ સત્રમાં ભ્રષ્ટાચાર અને મોંઘવારીના પ્રશ્નો મુખ્યરીતે ઉઠી શકે છે. હિન્દુ આતંકવાદ સંબંધિત ગૃહમંત્રી સુશીલકુમાર શિંદેના નિવેદનને પણ ભાજપ ઉઠાવવા માટે તૈયાર છે. બજેટ સત્રની શરૂઆત પહેલા જ કોંગ્રેસના નેતૃત્વમાં યુપીએ સરકારને મુશ્કેલીમાં મુકે તે રીતે ટ્રેડ યુનિયનો આવતીકાલથી બે દિવસની હડતાળ પર જનાર છે. રાજ્યસભા અને લોકસભાની સંયુક્ત બેઠકમાં રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીના ભાષણ સાથે બજેટ સત્રની શરૂઆત થશે.

નાણાંમંત્રી પી ચિદમ્બરમ ૨૮મીએ સામાન્ય બજેટ રજુ કરશે જ્યારે ૨૬મીએ રેલવે મંત્રી પવનકુમાર બંસલ રેલવે બજેટ રજુ કરશે. દરમિયાન ભાજપે કહ્યુ છે કે બજેટ સત્રમાં સરકારને ભીંસમાં લેવા માટે પક્ષે તૈયારી કરી લીધી છે. હેલિકોપ્ટર કૌભાંડ અને સુશીલકુમાર શિંદેને વધુ મુશ્કેલીમાં મુકવાના પ્રયાસો કરવામાં આવશે. ભાજપ આવતીકાલે સંસદ માર્ગથી શિંદેના આવાસ સુધી માર્ચ યોજશે. શિંદે માફી માંગે તેવી માંગ પણ કરવામાં આવી છે.

# જેટલી કોલ ડિટેઈલ કેસમાં વધુ બે શખ્સોની અટકાયત

નવી દિલ્હી,તા. ૧૯

ભાજપના વરિષ્ઠનેતા અરૂણ જેટલીના મોબાઈલ ફોનની કોલ ડિટેઈલ કઢાવવાના મામલામાં દિલ્હી પોલીસે આજે અન્ય બે શખ્સોની ધરપકડ કરી હતી. ધરપકડ કરવામાં આવેલા લોકોના નામ અનુરાગ અને નીતિશ તરીકે ખુલ્યા છે. આ મામલામાં હજુ સુધી એક પોલીસ કર્મચારી અને એક ખાનગી જાસુસ સહિત કુલ ચાર લોકોની ધરપકડ કરવામાં આવી ચુકી છે.

મળેલી માહિતી મુજબ અનુરાગ વર્ષ ૨૦૦૫માં અમરસિંહ ફોન ટેપિંગ મામલામાં પણ સામેલ હતો. આ શખ્સ અગાઉ પ્રાઈવેટ જાસુસ તરીકે કામ કરતો હતો. સાઈબર નિષ્ણાંત પણ છે. નીતિશ તેનો સાથી હોવાનુ જાણવા મળ્યુ છે. બંને શખ્સોની આકરી પુછપરછ કરવામાં આવી રહી છે. દિલ્હી પોલીસે ગઈકાલે કોર્ટમાં કહ્યુ હતુ કે ભાજપના વરિષ્ઠ નેતા અરૂણ જેટલીની કોલ ડિટેઈલ હાંસલ કરવાના પ્રયાસમાં ઉંડુ કાવતરું હોઈ શકે છે જેથી દેશની સુરક્ષાનો મામલો આની સાથે જોડાયેલો છે. પોલીસનું કહેવુંછે કે ટુકડી જુદા જુદા એન્ગલથી તપાસ કરી રહી છે. આ મામલામાં ધરપકડ કરવામાં આવેલા આરોપી શખ્સ જુદા જુદા નેતાઓની કોલ વિગત એકત્રિત કરવામાં વ્યસ્ત છે. અરૂણ જેટલીના ફોનની વિગતને લઈને ભાજપ દ્વારા ભારે વિરોધ કરવામાં આવ્યો છે. આ સંબધમાં ગૃહમંત્રાલયમાં ઉંડી તપાસ કરવા કહેવામાં આવ્યુ છે.

વડાપ્રધાન સુધી રજુઆત કરવામાં આવી છે. અરૂણ જેટલી ભાજપના જ ટોચના નેતાઓ પૈકી એક હોવાથી પોલીસ ઉપર પણ દબાણ વધી ગયુ છે. આવનાર દિવસોમાં જેટલી કોલ ડિટેઈલ કેસમાં વધુ કેટલાકની ધરપકડ કરવામાં આવે તેવા સ્પષ્ટ સંકેત પણ મળી રહ્યા છે. પોલીસે ગુપ્તરીતે પણ જુદી જુદી રીતે તપાસ કરી છે. ઝડપાયેલાઓની પુછપરછના આધારે તપાસ ચાલી રહી છે.

# ઈન્ડિગો-જેટના વિમાની ભાડામાં ૫૦ ટકા સુધી ઉલ્લેખનીય ઘટાડો

નવી દિલ્હી,તા. ૧૯

એરલાઈન્સ વચ્ચે લોકોનો આકર્ષિત કરવા માટે વિમાની ભાડાને લઈને ફરી એકવાર યુદ્ધ છેડાઈ ગયુ છે. ભારતના બીજા સૌથી મોટા કેરિયર જેટ એરવેજે આજે સ્થાનિક એર ટિકિટની કિંમતમાં ૫૦ ટકા સુધીનો ઘટાડો કર્યો હતો. બીજીબાજુ લો કોસ્ટ કેરિયર ઈન્ડિગો એરલાઈન્સે પણ તેની ટિકિટની કિંમતમાં ૩૦થી ૪૦ ટકા વચ્ચેનો ઘટાડો કરી દેતા જોરદાર સ્પર્ધા શરૂ થઈ ગઈ છે. બીજીબાજુ આ સ્પર્ધાના દોર વચ્ચે વિમાની યાત્રીઓને મોટી રાહત મળવાના પણ સંકેત દેખાઈ રહ્યા છે. મીડિયા અહેવાલમાં જણાવવામાં આવ્યુ છે કે જેટે આજે ભારતમાં સૌથી મોટા એરટિકિટ વેચાણની શરૂઆત કરી હતી જેના ભાગરૂપે ૨૦ લાખ સીટ ૨૨૫૦ રૂપિયામાં વેચવામાં આવનાર છે. આ વેચાણ આ વર્ષે ૩૧મી ડિસેમ્બર સુધી કોઈ પણ સમય માટે પ્રવાસ કરનારને લાગુ પડશે. આ ડિસ્કાઉન્ટ સ્કીમ ૨૪મી ફેબ્રુઆરી પહેલા ટિકિટ બુક કરનાર લોકોને લાગુ પડશે. જેટ એરવેજની આ હિલચાલને ધ્યાનમાં લઈને બજારમાં ભારે લોકપ્રિયતા ધરાવનાર લો કોસ્ટ કેરિયર ઈન્ડિગોએ પણ ૩૦-૪૦ ટકા વચ્ચે તેની ટિકિટની કિંમતમાં ઘટાડો કરી દીધો છે. જો કે સ્કીમની વેલીડીટીના સંદર્ભમાં કોઈ સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી. લો કોસ્ટ એરલાઈન સ્પાઈસ જેટે કિંમતોને લઈને સ્પર્ધા થોડાક સપ્તાહ પહેલા જ છેડી હતી. તે વખતે સ્પાઈસે કિંમતોમાં ઘટાડાની ઘોષણા કરી હતી. વિમાની યાત્રીઓની સંખ્યામાં વધારો કરવા કેટલીક એરલાઈન્સો દ્વારા ભૂતકાળમાં પણ આવી સ્કીમ શરૂ કરવામાં આવી હતી. ગયા વર્ષે નવેમ્બર મહિનામાં તેની સ્થાનિક વિમાની ટિકિટ માટે આવી જ ઓફર કર્યા બાદ એર ઈન્ડિયાએ પ્રમોશનલ ઓફર શરૂ કરી હતી. બે સૌથી મોટી એરલાઈન્સ ઈન્ડિગો અને જેટએરવેજે સ્થાનિક રૂટ પર ભાડામાં ૫૦ ટકા સુધીનો ઘટાડો કર્યો છે. ભાડામાં ઘટાડો કરવા અંગે ડિરેક્ટોરેટ જનરલ ઓફ સિવિલ એવિએશન તરફથી ચેતવણી મળી હોવા છતાં બંને એરલાઈન્સોએ ઓછા ભાડાની સ્કીમ શરૂ કરી છે. જેટ એરવેજે જાહેરાત કરી છે કે તે સેક્ટરના અંતરના આધાર પર ૨૨૫૦થી ૩૮૦૦ વચ્ચેની કિંમતમાં ૪૫૦ ડેઈલી ફ્લાઈટ માટે ૨૦ લાખ સીટનું વેચાણ કરનાર છે. એરલાઈને એજન્ટોને આ અંગે જાણ કરી દીધી છે. સ્પાઈસ જેટે સ્થળ વચ્ચે અંતરના સંબંધમાં તમામ રૂટ પર ૨૦૧૩ રૂપિયા ભાડાની ઓફર કરેલી છે. ઈન્ડિગો દ્વારા પણ ઓફરની વિગત જારી કરાઈ નથી પરંતુ તેની વિગત અમલમાં આવી ગઈ છે. જેટ એરવેજ મુંબઈ-બરોડા અથવા મુંબઈ- ગોવા રૂટ પર ૨૨૫૦માં ટિકિટ વેચશે. આ અંતર ૭૫૦ કિલોમીટરથી ઓછુ છે જ્યારે મુંબઈ-દિલ્હીનું ભાડુ ૩૩૦૦ રૂપિયા રહેશે. આ અંતર ૧૦૦૦થી ૧૪૦૦ કિલોમીટરનું છે. જ્યારે મુંબઈ-કોલકાતા, દિલ્હી-ચેન્નઈ, દિલ્હી-ગુવાહાટી વચ્ચે ભાડુ ૩૮૦૦ રૂપિયા સુધી રહેશે.

# યુપીએ ફરી વખત સત્તામાં નહીં આવે : શરદ યાદવ

ભોપાલ, તા.૧૯

આગામી લોકસભાની ચુંટણી પછી કોંગ્રેસના નેતૃત્વ હેઠળની યુપીએ સરકાર ફરી સત્તામાં નહીં આવે તેવો દાવો એનડીએના કન્વીનર શરદ યાદવે આજે કર્યો હતો. એક ખાનગી મુલાકાતે આપેલા જનતાદળ (યુનાઈટેડ)ના પ્રમુખ શરદ યાદવે કહ્યું હતું કે, યુપીએ સરકાર ભ્રષ્ટાચારમાં ગળાડૂબ છે. તે દરેક મોરચા પર નિષ્ફળ ગઈ છે. ત્યારે તે ફરીથી સત્તા પર આવે તેવી કોઈ શક્યતા મને જણાંતી નથી. યુપીએના બીજા શાસનકાળ દરમ્યાન એક પછી એક કૌભાંડ બહાર આવી રહ્યા છે. તેમાં કોઈ શંકા નથી કે તે દરેક મોરચે નિષ્ફળ ગઈ છે. આગામી વર્ષે યોજાનારી લોકસભાની સામાન્ય ચુંટણી પછી તેને ફરી સત્તા મળવાની કોઈ શક્યતા નથી.

યાદવે ભારપૂર્વક કહ્યું હતું કે, આગામી ૨૧મીથી શરૂ થઈ રહેલ બજેટ સત્ર દરમ્યાન કૌભાંડ, ભ્રષ્ટાચાર અને ભાવવધારા જેવા મુદ્દે ચર્ચા કરાશે. સંસદની કાર્યવાહી સામાન્ય રીતે ચલાવવા દેશો? તેના જવાબમાં યાદવે કહ્યું હતું કે, આ વખતે એવી કોઈ સમસ્યા મને દેખાતી નથી. હેલીકોપ્ટર કૌભાંડનો ઉલ્લેખ કરતાં યાદવે કહ્યું હતું કે, ઈટાલીના જ્યાં સુધી આ મુદ્દો મીડીયામાં મોટાપાયે ચમક્યો નહીં ત્યાં સુધી ભારત સરકાર સમગ્ર કૌભાંડથી અજાણ હતી. ૮૦ના દાયકાના બોફોર્સ કૌભાંડથી હેલીકોપ્ટર કૌભાંડમાં પ્રથમ અહેવાલ વિદેશી મીડીયામાં જ પ્રગટ થયા છે. ભગવા આતંકની ગૃહમંત્રી શિંદેની ટિપ્પણી અંગે યાદવે કહ્યું હતું કે, શિંદે તેમની ફરજ પર ધ્યાન આપીને નિરર્થક નિવેદન કરી સમય ન બગાડે તે જ સારી બાબત દેશ માટે રહેશે. યુપીએ સરકારની કામગીરીના પગલે સીબીઆઈની વિશ્વસનીયતા સાવ તળિયે આવી ગઈ છે. એનડીએની એક્તા અંગે યાદવે કહ્યું હતું કે, અમે એક જ છીએ અને ભવિષ્યમાં પણ સાથે જ રહીશું. ચુંટણી પહેલાં વધુ પક્ષો અમારી સાથે જોડાશે.

# નાગાલેન્ડના ગૃહપ્રધાને આખરે રાજીનામુ આપ્યુ

કોહીમા,તા. ૧૯

નાગાલેન્ડના ગૃહપ્રધાન ઈમકોંગ એલઈમચેને પોતાના હોદ્દા પરથી રાજીનામુ આપી દીધુ છે. ઈમચેનની કારમાંથી ગઈકાલે મોડી રાત્રે ૧.૧૦ કરોડ રૂપિયાની રોકડ રકમ, શરાબ અને હથિયારોનો જથ્થો મળી આવ્યો હતો. ત્યારબાદ તેમને કસ્ટડીમાં લઈ લેવામાં આવ્યા હતા. ઈમચેને આજે મુખ્યમંત્રીને મોકલવામાં આવેલા પત્રમાં જણાવ્યું છે કે તેઓએ કોઈ ખોટુ કામ કર્યુ નથી પરંતુ નૈતિકતાના આધાર પર રાજીનામુ આપી રહ્યા છે. ૨૩મી ફેબ્રુઆરીના દિવસે યોજાનારી વિધાનસભાની ચૂંટણીમાં ઈમચેન નાગાલેન્ડ પિપલ્સ ફ્રન્ટના ઉમેદવાર હતા.

## સમાચાર ઝલક

- માલદીવ સંકટમાં, પ્રજાના દેખાવો, રાષ્ટ્રપ્રમુખ ભારતીય રાજદૂત કાર્યાલયમાં આશ્રય હેઠળ.
- દિલ્હી નજીક ચાલતી કારમાં પુનઃ ગેંગરેપ ઘટના, ૩ વ્યક્તિ ઝડપાયા.
- શ્રીમતી ઇલાબેન રમેશભાઇ ભટ્ટને ઇન્દિરા ગાંધી શાંતિ પુરસ્કાર એનાયત થયો.
- બ્રિટનના વડાપ્રધાન ડેવિડ કેમરૂન ભારતની મુલાકાતે, વિદ્યાર્થીઓને વિઝા માટે છૂટછાટ જાહેર કરી.
- ધો ૧૦-૧૨ની પરીક્ષામાં સી.સી.ટી.વી. કેમેરા મુકાશે.
- કલકત્તાની ડમડમ જેલમાં ખરાબ ભોજનની ફરિયાદ કરતાં કેદીને ઢોર માર માર્યો.
- ફાંસી આપનાર દેશોમાં ભારત પાંચમા ક્રમે છે.
- સોમનાથમાં સંસ્કૃત યુનિવર્સિટીમાં ૧૧૭૫ છાત્રોને પદવી એનાયત કરાઇ.
- આજે એસ.ટી. બસ કર્મચારીઓની હડતાળ.
- સોનામાં એકધારી મંદી લોકોમાં અવઢવ.
- ઇશરત જહા કેસમાં અપીલ કરનાર મુન્ના સાહિલ પર મુંબઇમાં ફાયરીંગ.
- રાષ્ટ્રીયકૃત બેંકોમાં ૫૬૦૦૦ની ભરતી થશે.
- ચીનમાં માથામાં સોય ખોસવાના વિચિત્ર શોખ.
- બુધ-ગુરૂવાર બેંકોમાં હડતાળ, ચેક ક્લિયર થતાં ૬ દિવસ લાગશે.
- હવે આવશે આરપાર દેખાતો મોબાઇલ.
- મુડી બજારની રોનક વધારવા બજેટમાં રાહતો અપાશે.
- દેશમાં રોજ એક મૃત્યુ દંડની સજા જન્મટીપમાં ફેરવાય છે, ક્રાઇમ રેકોર્ડ બ્યુરોનો અહેવાલ.
- સ્પેનમાં વિમાની કર્મચારીઓ હડતાળ, ૪૦૦ થી વધુ ફ્લાઇટ રદ્દ.
- રાણીપમાં આશારામના સાધકોની લોકોએ ધોલાઇ કરી.
- પાકિસ્તાનમાં શિયા મુસ્લિમો પર હુમલા.
- મહેસૂલ વિભાગે ઇમ્પેક્ટ ફીમાં ઉચ્ચક દરો નક્કી કર્યાં.

## નવાં કલેવર (પાના નં. ૪ નું ચાલુ)

'બેટા, નવ્યા હજુ સુધી ઘેર નથી આવી?' તેમણે પુછ્યું એનો જવાબ સુકેતુ આપે તે પહેલાં સુષ્મા બોલી પડી. 'મમ્મી તમે શું કામ આપો દિવસ નવ્યાની ચિંતા કર્યા કરો છો. આવી જશે. હજુ તો દસ પણ નથી વાગ્યાં.' બર્થ ડે પાર્ટીમાં એટલો સમય તો લાગે જ છે. મને એ સમજાતું નથી કે નિમેષ પણ ઘણી વખત ઘેર મોડો આવે છે. તેના માટે તો તમે આટલી બબાલ કરતાં નથી. તો નવ્યાની જ પાછળ શું કામ પડી જાવ છો? તમારી જુનવાણી વિચારધારા અને રૂઢિમાંથી બહાર આવો. આજે તો દરેક ક્ષેત્રમાં છોકરીઓ કામ કરે છે. જયાં તમારા જમાનામાં ફક્ત પુરૂષોનું જ વર્ચસ્વ હતું. આપણે બસ એટલી વાતે નવ્યા પર પ્રતિબંધ મુકીએ કે ઓ છોકરી છે એ કેટલું વ્યાજબી છે.

સુષ્માનીએ વાત સાંભળીને દેવયાની બહેને તેને પોતાની પાસે બેસાડી અને શાંતિથી પ્રેમપૂર્વક સમજાવતાં કહેવા લાગ્યાં. 'બેટાં ન તો હું રૂઢિવાદી છું કે ન હું જુનવાણી વિચારની છું.' જો હું એવી હોત તો આજે તારી નણંદ ખભા પર ત્રણ સ્ટાર લગાવી ફરે છે, તો પોલીસની વર્દીમાં હોય ખરી? હાં હું પણ એવું માનું છું કે દીકરી દીકરા કરતાં કોઇ પણ રીતે કમ નથી. અને હોય પણ શી રીતે? જયારે દેવો એ પણ ધનની સ્વામીની લક્ષ્મીને, વિદ્યાદાયીની સરસ્વતીને અને શક્તિસ્વરૂપા જગદંબા ને સ્વીકારી છે તો પછી દીકરીઓ દીકરાથી ઉતરતી કઇ રીતે હોઇ શકે.

(ક્રમશઃ)

## પારિજાત (પાના નં. ૪ નું ચાલુ)

ત્યારે, ખાસ તો મમ્મીઓ માટે જરૂરી બની જાય છે કે તેઓ પોતાના બાળકના અભ્યાસક્રમમાં આવતી ગુજરાતી ભાષાની ચોપડી પહેલાં તો પોતે વાંચે, એમાં રસ કેળવે, અને બાળકને બાજુમાં બેસાડીને એના જ ભણવામાં આવતી હોય તે વાર્તાઓ કહે. ધીમે ધીમે બાળકને મજા આવશે. રસ પડશે - અને આટલી સરસ કવિતા કે વાર્તા મારી ચોપટીમાં છે? એની જાણ થશે.

બાળકોને નાનપણથી જ ગુજરાતી ભાષાની કવિતાઓ/વાર્તાઓ અભ્યાસક્રમના ભાગ રૂપે ભણાવાય છે પણ તેઓ ચોપડી વાંચતા નથી. માત્ર ગુજરાતી 'નવનીત અપેક્ષિત' પરીક્ષા વખતે વાંચવાનું શરૂ ખરે છે અને પ્રશ્નો - જવાબો ગોખી જાય છે. પછી કયાંથી રસ પડે ગુજરાતી ભાષામાં! -

ગુજરાતી ભાષાને 'રસ' માણવાની તો વાત આવતી જ નથી.

આપણા સાહિત્યકારો પૈકી પન્નાલાલ પટેલ - જે પ્રાથમિક શાળાનું ભણતર પણ પૂરૂં કરી શકયા નથી તે 'માનવીની ભવાઇ' જેવી વિખ્યાત નવલકથા લખે - તેને જ્ઞાનપીઠ પુરસ્કાર જેવો સર્વોચ્ચ પુરસ્કાર મળે અને તેની ઉપરથી ગુજરાતી ફિલ્મ પણ બને અને એવોર્ડ મેળવે તે આપણા માટે ગૌરવની વાત નથી?

"મલયાનીલોની પીંછીને રંગો ફૂલોને લઇ
દોહી રહ્યું છે કોણ આ નકશાં વસંતનાં!"

આનાથી વધારે સુંદર વસંત ઋતુનું ગીત - કયું હોઇ શકે?

"સમી સાંજનો ઢોલ ઢબૂક્તો જાન ઉઘલતી મા'લે
કેસરિયાવાળો સાફો ઘરનું ફળિયું લઇને ચાલે!"

કવિશ્રી અનિલ જોષીનું શ્રેષ્ઠ કન્યાવિદાય ગીત બની રહ્યું છે!

અગણિત શ્રેષ્ઠ રચનાઓથી ગુજરાતી સાહિત્ય છલકાઇ રહ્યું છે. એમાંથી થોડુંક ચાંગળું ભરીને પણ આપણાં બાળકો - પામે તે અત્યંત જરૂરી છે. આ માટે સરકાર તરફથી, કલ્ચરલ ફોરમ જેવી સંસ્થાઓ તરફથી, સમાજ માટે ચિંતા કરતાં વ્યક્તિઓ તરફથી ઉમદા પ્રયત્નો કરવામાં આવે છે. "વાંચે ગુજરાત" અભિયાન સફળતાપૂર્વક ઉજવાય છે ત્યારે ઊંડે ઊંડે આપણને સૌને હરખ થાય છે કે આટલી સરસ શરૂઆત તો થાય છે! આપણા ઘર આંગણે આટલાં પ્રયત્નો કરવામાં આવે છે ત્યારે યથાશક્તિ - યથામતિ સૌ કોઇ લાભ લે અને માણે - ત્યારે સમજાશે ગુજરાતી ભાષાની ખુબીઓ - એની સમૃધ્ધિ - અને ગૌરવ થશે ગુજરાતી હોવાનું! ગુજરાતી માતૃભાષા હોવાનું!

'કેમ કે, આપણે ગુજરાતીઓ!'